NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A+' GRADE

Nirma University
Library Resource Centre

Publication: **Sandesh City Life**
Edition: **Ahmedabad**
Date & Day: **10/04/2022 (Sun)**
Page No: **01**

# નિરમા ગુજરાતની ખાનગી યુનિવર્સિટીઓમાં A+ ગ્રેડ મેળવનારી એકમાત્ર યુનિવર્સિટી બની

**સિટી લાઈફ :** રિ-એક્રેડેશનની ત્રીજા સાઈકલમાં સિટીની નિરમા યુનિવર્સિટીને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC) દ્વારા A+ ગ્રેડ આપવામાં આવ્યો છે. ભારતમાં માત્ર અમુક યુનિવર્સિટીઓને A+ ગ્રેડ મળે છે. ખાનગી યુનિવર્સિટીઓમાં ગુજરાત રાજ્યમાં A+ ગ્રેડ મેળવનારી એકમાત્ર નિરમા યુનિવર્સિટી છે. માન્યતા પ્રક્રિયા માર્ચમાં કરવામાં આવી હતી જ્યારે પીઅર ટીમે માર્ચમાં કેમ્પસની મુલાકાત લીધી હતી. આ ગ્રેડ આવતા પાંચ વર્ષ માટે માન્ય રહેશે. આ પ્રસંગે નિરમા યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ. અનુપ કે સિંઘે કહ્યું કે, 'નિરમા યુનિવર્સિટીએ એક દાયકાના સમયગાળામાં સતત તેની ગુણવત્તામાં સુધારો કર્યો છે. તે B+ થી A+ પર આવી ગયું છે, જે એક નોંધપાત્ર સિદ્ધિ છે. યુનિવર્સિટી શૈક્ષણિક સિદ્ધિઓના ઉચ્ચતમ ધોરણ અને વિદ્યાર્થી સમિતિ માટે સૌથી વધુ મૂલ્ય માટે પ્રતિબદ્ધ છે. A+ ગ્રેડ ઉચ્ચ શિક્ષણના નવા ક્ષેત્રોમાં અમારી પદચિહ્ન વધારવામાં મદદ કરશે.

> થોડા મહિના પહેલાં NAACની ટીમે નિરમા યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી

## NAAC કેવી રીતે યુનિવર્સિટીને ગ્રેડ આપવામાં આવે છે?

NAAC એ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ની એક સ્વાયત્ત સંસ્થા છે જે સંસ્થાની 'ગુણવત્તાની સ્થિતિ'ની સમજ મેળવવા માટે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEI) જેવી કે કોલેજો, યુનિવર્સિટીઓ અથવા અન્ય માન્ય સંસ્થાઓનું મૂલ્યાંકન અને માન્યતાનું સંચાલન કરે છે. NAACની વિશિષ્ટ વિશેષતા એ છે કે તે માત્ર માન્યતા પ્રદાન કરે છે પરંતુ સંસ્થાનું મૂલ્યાંકન પણ કરે છે. NAAC દ્વારા થતા મૂલ્યાંકનમાં ગુણાત્મક અને ક્વૉન્ટિટેટિવ એમ બે ઘટકોને આધારે કરાય છે. સબમિટ કરેલા દસ્તાવેજી પુરાવાના આધારે થર્ડ પાર્ટી દ્વારા જથ્થાત્મક પરિમાણનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જ્યારે વરિષ્ઠ શિક્ષણવિદો વિવિધ હિતધારકો સાથે નિરીક્ષણ અને ક્રિયાપ્રતિક્રિયાના આધારે ગુણાત્મક પાસાઓનું મૂલ્યાંકન કરાઈ છે.